# ઉદ્યોગ પ્રેરણા

## સીઈડી સમાચાર

CED

THE CENTRE FOR ENTREPRENEURSHIP DEVELOPMENT

વર્ષ : ૬ | અંક : ૧૫-૧૬ | ઓક્ટો-ડિસે.-૨૦૦૭, જાન્યુ.-માર્ચ-૦૮


### તંત્રી સ્થાનેથી...

ડૉ. સી. ચેટરજી, નિયામક

ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાન (સીઈડી) દ્વારા ઉદ્યોગ સાહસિકતા વિકાસની તાલીમના ક્ષેત્રે રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતિ પામેલ ગુજરાત સરકાર તેમજ રાજ્યના ઔદ્યોગિક વિકાસ નિગમો પ્રેરિત સ્વાયંત સંસ્થામાં નેતૃત્વ લેવાની તકને હું આવકારું છું અને સંસ્થાની ભૂતકાળની પ્રણાલિકાગત, જ્વલંત અને સીમાચિન્હ સિધ્ધિઓને આગામી વર્ષોમાં રાજ્યનાં ઉદ્યોગ કમિશનર અને સંસ્થાના અધ્યક્ષ શ્રી સુજીત ગુલાટી, આઈ.એ.એસ. ના નેતૃત્વ હેઠળ અને ઉદ્યોગ કમિશ્નર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ઈન્ડેક્ષ્ટ-બી, કુટિર ઉદ્યોગ, જીએસએફસી, જીઆઈડીસી, સીડબી, ઈડીઆઈઆઈ વગેરેના સહયોગથી તેમજ સંસ્થાના કાર્યનિષ્ઠ અને ઉત્સાહી અધિકારીઓ અને કર્મચારીઓ થકી એવી જ સુંદર કામગીરી થઈ શકશે તેવો મને દ્રઢ વિશ્વાસ છે.

અનુસંધાન પાનનં... ૨

### આ છે અમારા નીતિ નિર્ધારકો (સી.ઈ.ડી. નિયામક મંડળ)

- **શ્રી સુજીત ગુલાટી,** આઈ.એ.એસ.  
  સી.ઈ.ડી.-ચેરમેન અને ઈન્ડસ્ટ્રીઝ કમિશ્નર
- **શ્રી અરવિંદ અગ્રવાલ,** આઈ.એ.એસ.  
  જી.એસ.એફ.સી., મેનેજીંગ ડાયરેકટર
- **શ્રી જી. સી. મુરમુ,** આઈ.એ.એસ.  
  મેનેજીંગ ડાયરેકટર, અતિરિક્ત ચાર્જ જી.આઈ.આઈ.સી.
- **શ્રી એમ. શાહુ,** આઈ.એ.એસ.  
  વાઈસ ચેરમેન અને મેનેજીંગ ડાયરેકટર, જી.આઈ.ડી.સી.,
- **શ્રી એ. સી. સાહુ,** ડેપ્યુટી જનરલ મેનેજર (એસ.આઈ.ડી.બી.આઈ.)
- **ડૉ. સી. ચેટર્જી,** ડાયરેકટર, સેન્ટર ફોર આંત્રપ્રિનિયોરશીપ ડેવલપમેન્ટ
- **કુ. જયશ્રીબહેન વ્યાસ,** મેનેજીંગ ડાયરેકટર (સેવા-બેન્ક)
- **શ્રી જનક પરીખ,** પ્રમુખશ્રી, અમદાવાદ મેનેજમેન્ટ એસો. (એએમએ)
- **ડૉ. દિનેશ અવસ્થી,** ડાયરેકટર-એન્ટરપ્રિનિયોરશીપ  
  ડેવલપમેન્ટ ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડીયા (ઈડીઆઈઆઈ)
- **શ્રી બી. એસ. શેખાવત,** ચીફ જનરલ મેનેજર, નેશનલ બેન્ક  
  ફોર એગ્રિકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (નાબાર્ડ)
- **શ્રી મહેન્દ્રભાઈ પટેલ,** ઉદ્યોગપતિ
- **શ્રી પ્રદીપ વોરા** - ઉદ્યોગપતિ

### આ અંકમાં...


- **સાફલ્ય ગાથા**
- **સંસ્થા સમાચાર**




## આવકાર...

ધી સેન્ટર ફોર આંત્રપ્રિનિયોરશીપ ડેવલપમેન્ટ (સીઈડી) ના નિયામકશ્રી તરીકેનો કાર્યભાર ડૉ. સી. ચેટરજી તા.૧-૪-૨૦૦૮ થી સંભાળી લીધેલ છે.

ડૉ. સી. ચેટરજીએ ડૉકટરેટની પદવી ટેકનોલોજીના વિષયમાં મુંબઈ યુનિવર્સિટીથી અને મરાઠાવાડા યુનિવર્સિટીમાંથી પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા ઈન બીઝનેસ મેનેજમેન્ટની ડીગ્રી પ્રાપ્ત કરેલ છે.

તેઓ ઈન્સ્ટીટયુટ ઓફ એન્જીનિયર્સના તેમજ ટેક્ષટાઈલ એસોસિએશન (ભારત) ના ફેલો મેમ્બર છે. ડૉ. સી. ચેટરજી, ઉદ્યોગ, પ્રોજેકટ ઓપરેશન્સ, ટ્રેનીંગ, કવૉલીટી એસ્યોરન્સ, સંશોધન તથા ઔદ્યોગિક વિકાસ ક્ષેત્રે ૨૮ વર્ષનો બહોળો અનુભવ ધરાવે છે. ગુજરાત સરકારશ્રી દ્વારા નિમવામાં આવેલ ટેક્ષટાઈલ્સ, જેમ્સ એન્ડ જ્વેલરી તથા કુશળ માનવશક્તિ વિકાસ વગેરેની ટાસ્ક ફોર્સની કમિટીઓમાં કન્વિનર પદે સેવા આપે છે.

તેઓશ્રી દ્વારા તૈયાર કરવામાં આવેલ ૫૦ ઉપરાંતના લેખો (આર્ટીકલ્સ) રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સામયિકોમાં પ્રસિદ્ધ થઈ ખ્યાતિ પામ્યા છે.



સંસ્થાના ભાવનગર વિભાગની વર્ષ ૨૦૦૭-૦૮ ની કામગીરીનો અહેવાલ સુયોગ બુક સ્વરૂપે તૈયાર કરવામાં આવેલ. જેનું વિમોચન માન. ઉદ્યોગ મંત્રી શ્રી સૌરભભાઈ પટેલના વરદ્ હસ્તે બોટાદ ખાતે કરવામાં આવેલ. જેમાં વિભાગીય અધિકારી શ્રી દિલીપભાઈ વડોદરીયા એ સ્વાગત પ્રવચન કરતાં બુકની રૂપરેખા આપેલ. શ્રી ગટોરભાઈ પટેલ-બોટાદ કોટન મરચન્ટ એન્ડ જીનીંગ પ્રેસીંગ એસો.ના પ્રમુખ, તા. પં. ના પ્રમુખ શ્રી માધવજીભાઈ ગુંગાણી વગેરે મહાનુભાવો દ્રષ્ટિમાન થાય છે.


તંત્રી શ્રી : ડૉ. સી. ચેટર્જી (નિયામકશ્રી, સી.ઈ.ડી.)

સહતંત્રી : શૈલેશ ત્રિવેદી-પ્રોજેક્ટ લીડર

સંકલન : કિરણચન્દ્ર એચ. ચાવડા-સ્ટેનોગ્રાફર

પાન નં. ૧ નું ચાલુ... તંત્રી સ્થાનેથી...

ધી સેન્ટર ફોર આંત્રપ્રિનિયોરશીપ ડેવલપમેન્ટ (સી.ઈ.ડી.) દેશમાં અને ગુજરાતમાં ઉદ્યોગ સાહસિકતા વિકાસની પ્રવૃત્તિની જનક સંસ્થા છે અને ૧૯૭૦ થી આ પ્રવૃતિ ચાલી રહી છે. સંસ્થાનું કાર્ય નવા ઉદ્યોગ સાહસિકોને તૈયાર કરવાનું હોવાથી તેની કાર્યવાહી વ્યક્તિત્વ પરિવર્તન અને વિકાસ સાથે સંકળાયેલ છે અને આ પરિવર્તન અને વિકાસની ફલશ્રુતિ ઔદ્યોગિક વિકાસમાં પરિણમતી હોવાથી રાજ્યના ઔદ્યોગિક વાતારવણમાં થતાં ફેરફાર સીઈડીની કાર્યવાહી પર મહત્વનું અસરકર્તા પરિબળ છે જે પ્રકારે ઔદ્યોગિક વાતાવરણ બદલાય એ પ્રમાણે સીઈડીએ પોતાની કાર્યપદ્ધતિનો અભ્યાસ ઉપરોક્ત બાબતો સ્પષ્ટ થાય છે. સંસ્થાનું વિવિધ તબક્કે, સમયાંતરે મુલ્યાંકન થતું રહ્યું છે અને એ મુજબ સંસ્થાની કાર્યપદ્ધતિ અને માળખામાં ફેરફાર થતા રહ્યા છે.




નવસારી જિલ્લાના બિલીમોરા કેન્દ્રમાં જીઆઈડીસી ઈન્ડ. એસો. તથા જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના સહયોગમાં માદા એકમો તેમજ પુનઃવસન યોજના અંતર્ગત તાલીમી કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરતા મહાનુભાવો દ્રષ્ટિમાન થાય છે.




ભાવનગર જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર-ભાવનગરના સહયોગમાં સંસ્થા દ્વારા આયોજીત તાલીમી કાર્યક્રમનું પૂર્ણાહુતી પ્રસંગે સંસ્થાના નિયામકશ્રી ડૉ. સી. ચેટરજીના અધ્યક્ષ સ્થાને અને સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ ગિરીશભાઈ શાહના મુખ્ય મહેમાન પદે યોજાયેલ.

सत्यमेव जयते

## Government of Gujarat

# Expression of Interest from Industries

### To develop Industry specific employable manpower through PPP Mode in Gujarat

Industries Commissionerate, in association with Directorate of Technical Education and Directorate of Employment & Training, Government of Gujarat, has launched a scheme to run short term need based bridge courses in the existing premises of Government Industrial Training Institutes (ITI), Polytechnic and Engineering colleges from 2008-09, in the State under Public Private Partnership (PPP) to meet the Prime objective of pro-actively developing readily employable and industry responsive manpower.

Setting up of the Extension Training Centers at GIDCs/ Industrial Clusters / Parks / SEZs of above stated institutions are also proposed under the scheme.

1. As per the Scheme, the Partner Industry shall share minimum 50% cost of Equipment & Machineries to run the courses and remaining (limited to maximum Rs. 1 crore) shall be borne by the industries Commissionerate. The Partner Industry can utilize the existing infrastructure including the faculty for running the courses.
2. Land and/or Building shall be provided by the State Government, wherever needed, free of cost.
3. The decision of empowered committee of GOG, for selection of the partner industry, shall be final.
4. Last date for the submission of the expression of interest in the prescribed Application Form, has been extended to 31 st July, 2008.

**Director,**

**Centre for Entrepreneurship Development (CED)**

Block No 1, 9th Floor, Udyog Bhavan, Sector 11, Gandhinagar-382017.
Gujarat. Ph No. (079) 23256671, 23243847.
Fax: 23256679

**For further details of schemebrochure, application froms etc. Refer our website www.gujarat.gov.in./ www.ced-gujarat.org / www.indextb.com/ www.talimrojgar.org / www.dte.gswan.gov.in**



સદ્‌ગુણી માણસ હંમેશા-બીજાના અવગુણ પર નજર નથી રાખતો.

# વિભાગીય સમાચાર

## અમદાવાદ રીજીયન :

- અમદાવાદ જિલ્લામાં બાવળા ખાતે જનરલ મોડયુલ-૨ તાલીમી કાર્યક્રમ યોજવામાં આવ્યો, ગાંધીનગર જિલ્લાના દેહગામ ખાતે જનરલ મોડયુલ-૨ કાર્યક્રમ, બનાસકાંઠા જિલ્લાના દાંતા ખાતે અનુસૂચિત જનજાતિનો મોડયુલ-૨, ખેડા જિલ્લાના કઠલાલ ખાતે મોડયુલ-૨ કાર્યક્રમ અને આણંદ જિલ્લાના ખંભાત ખાતે જનરલ મોડયુલ-૨ તાલીમી કાર્યક્રમ યોજી તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવેલ.

## વડોદરા રીજીયન :

- નાણાકીય વર્ષ ૨૦૦૭-૦૮ ના આયોજન મુજબ વડોદરા વિભાગમાં ડભોઈ કેન્દ્ર ખાતે મો.-૨ જનરલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમની શરૂઆતમાં ભાવી ઉદ્યોગ સાહસિકોનો રૂબરૂ સંપર્ક કરવામાં આવેલ તેમજ ડભોઈખાતે જીઆઈડીસી નવી શરૂ કરવા માટે ૩૦૦ ઉદ્યોગ સાહસિકો એ પ્લોટ મેળવવા માટે જીઆઈડીસીમાં અરજી કરેલ. આ તાલીમી કાર્યક્રમમાં જોડાવવા માટે ૧૦૦ અરજીપત્રક ભરાઈને આવતાં બે કાર્યક્રમમો શરૂ કરવામાં આવેલ.

  ઉપરોક્ત બંને કાર્યક્રમોમાં જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર-વડોદરાના જનરલ મેનેજરશ્રી, ઈન્ડેક્ષ-સી, કેવીઆઈસી, ગુજરાત એગ્રો, એનએસઆઈસી અને નાબાર્ડના અધિકારીશ્રીઓ સંબોધન અર્થે આવેલ.

- શહેરા (મો-૨) જનરલ તાલીમી કાર્યક્રમ ડીસે-૦૭ જાન્યુ-૦૮ માં કામગીરી શરૂ કરવામાં આવેલ. ગોધરા, જિ. પંચમહાલનાં રોજગાર કચેરીએ નોંધાયેલ બેરોજગાર ઉમેદવારોની યાદી મેળવી પ્રમોશનલ મીટીંગ બોલાવવામાં આવેલ, આ મિટીંગમાં જીલ્લાઉદ્યોગ કેન્દ્ર ના જનરલ મેનેજર શ્રી ઝીંઝુવાડીયા, વિભાગીય અધિકારીશ્રી સી. બી. દોશી તેમજ રોજગાર અધિકારીશ્રી આ મિટીંગમાં કાર્યક્રમ અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની યોજનાઓ વિશે માહિતી આપેલ. આ મિટીંગમાં ૧૨૦ ઉમેદવારો હાજર રહેલ અને તેમાંથી ૯૦ અરજી પત્રકો વેચાયા હતા. જેમાંથી ૭૦ અરજીપત્રકો ભરાઈને પરત આવેલ જેમાંથી ૪૫ તાલીમાર્થીઓથી કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો અને તા. ૧૭-૧-૦૮ ના રોજ પુર્ણ કરવામાં આવ્યો હતો. આ પૈકી ૧૪ તાલીમાર્થીઓની લોન અરજીઓ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ભલામણ કરવામાં આવેલ હતી.

- Special Programm on Taxation At Vadodara Commercial Skill Up-Gredion Programme. સી.એસ.યુ.પી. નિયામક મંડળની બેઠકમાં આયોજીત કાર્યક્રમો સિવાય ટેક્ષેસન અપગ્રેડેશન કરવા માટેનું આયોજન વિચારવામાં આવેલ. વડોદરા વિભાગીય કચેરીએથી ગુજરાતમાં સર્વ પ્રથમ આ વિચારને આગળ લઈ જવા માટે આઈએએસ ટ્રેનીંગ સેન્ટર-વડોદરા, યુનિવર્સિટી, રોજગાર કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે 'કોમર્શીયલ સ્કીલ અપગ્રેડેશન પ્રોગ્રામ' નાં નામે કાર્યક્રમની વિષય સૂચિ તેમજ કાર્યક્રમની ફી નું ધારાધોરણ વગેરે નક્કી કરી સપ્ટેમ્બર-૦૭ ના રોજ આઈએએસ ટ્રેનીંગ સેન્ટરનાં ડાયરેકટરશ્રી એન. રાજારામ, યુનિવર્સિટી રોજગાર કેન્દ્રના ઓફીસર શ્રી મુકેશભાઈ વસાવા તથા વિભાગીય અધિકારીશ્રી હાજરીમાં શરૂ કરવામાં આવ્યો, જેમાં ૧૮ તાલીમાર્થીઓએ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ.

- નાણાકીય વર્ષ ૨૦૦૭-૦૮ ના આયોજન મુજબ વડોદરા વિભાગમાં એચઆર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. મે-૦૭ માં ઝાલોદ ખાતે પ્રોજેકટ લીડર શ્રી જયંતભાઈ ઠાકરની મુલાકાતે વસંત મસાલા પ્રા. લી. માં એચઆર કાર્યક્રમ કરવા માટે પ્રાથમિક ચર્ચાઓ કરવામાં આવેલ. આ ચર્ચાનાં ભાગ રૂપે આ કંપનીમાં એક ઓફીસ અને ફેકટરી સ્ટાફ માટે તેમજ માર્કેટીંગ સ્ટાફ માટેનો એક બે કાર્યક્રમોનું નીચે મુજબ આયોજન કરવામાં આવ્યું હતું. ઓફીસ અને ફેકટરી સ્ટાફ માટે **'ઓફીસ મેનર્સ એટીકેટ અને ફેકટરી ઓફીસ સ્ટાફ સપોર્ટીંગ રો'** વિષય પર એક દીવસીય કાર્યક્રમ યોજેલ. જ્યારે માર્કેટીંગ સ્ટાફ માટે રીટેલીંગ ઓફ **એકએમસીજી** અને ચેલેન્જીંગ સર્વિસ માર્કેટીંગ વિષય પર એક દીવસીય કાર્યક્રમ વસંત મસાલા ઈન્ડ. પ્રા. લી. ના બોર્ડ ડાયરેકટર શ્રી ચન્દ્રકાન્તભાઈ ભંડારી, શ્રી ઓમપ્રકાશ ભંડારી તેમજ વિભાગીય અધિકારીશ્રી સી.બી. દોશીની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ.

- પ્રવર્તમાન ઉદ્યોગસાહસિકો માટે સેકન્ડ જનરેશન કાર્યક્રમ (એસજીપી) માંદા એકમોના પુનઃવસન /સંભવિત માંદા એકમો બાબતે તાલીમ સેમીનાર બોડેલી ખાતે મધ્ય ગુજરાત કોટન ડીલર્સ ઈન્ડ. એસો. ના સભાસદો માટે યોજવામાં આવેલ. જેનું ઉદ્‌ઘાટન પ્રોજેકટ લીડર શ્રી જયંતભાઈ ઠાકરે કરેલ જેમાં મધ્ય ગુજરાત કોટન ડીલર્સ ઈન્ડ. એસો. ના પ્રમુખ શ્રી જીતુભાઈ શાહ હાજર રહેલ. આ તાલીમી કાર્યક્રમમાં કુલ ૫૫ તાલીમાર્થીઓએ ભાગ લીધેલ. આ કાર્યક્રમમાં અમદાવાદ ટેક્ષટાઈલ રીસર્ચ એસોસિએશન, અટીરા-અમદાવાદનાં સાયન્ટીફીક ઓફીસર શ્રી પી. એસ. શાહ તેમની ટેકનીકલ ટીમ સાથે હાજર રહેલ. 'રોલર જીન ઉત્પાદન અને વીજ બચત' પ્રત્યક્ષ નિદર્શન, રૂ ને યોગ્ય ભેજ આપો, કપાસીયામાંથી રૂ નાં રેસા વધુ મેળવવા, કપાસની વધુ ગુણવત્તા જાળવવી વગેરે વિષય પર સમજ આપવામાં આવેલ.



green-black 3

- વીસીસીઆઈ-વડોદરા, એસજીપી-વડોદરા ચેમ્બર્સ એન્ડ કોમર્સ ઈન્ડ., જીલ્લા ઉદ્યોગ કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે તા. ૨૦-૨-૦૮ ના રોજ એમએસએમઈટી એક્ટ અને એસએમઈ ક્લસ્ટર યોજનાઓ તેમજ ટેક્ષટાઈલ સ્કીલ યોજનાઓનાં વિષય પર સેમીનાર યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન અધિક ઉદ્યોગ કમિશનર શ્રી પી. એસ. ગઢવી સાહેબના વરદ હસ્તે યોજવામાં આવેલ તેમજ વીસીસીઆઈના પ્રમુખ શ્રી જતીનભાઈ ભટ્ટ હાજર રહેલ. આ કાર્યક્રમના નિષ્ણાંત તરીકે જોઈન્ટ કમિશનર અને જનરલ મેનેજર શ્રી ડી.ઓ. શાહ અને ડૉ. સી. ચેટર્જી, જનરલ મેનેજર-ઈન્ડેક્ષ-બી હાજર રહી તાલીમાર્થીઓને ઉત્સાહિત કરેલ.
- સી.ઈ.ડી., વાઘોડીયા જી.આઈ.ડી.સી. એસોસીએશન, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના ઉપક્રમે પ્રવર્તમાન ઉદ્યોગસાહસિકો માટે સેકન્ડ જનરેશન કાર્યક્રમ (એસજીપી) માંદા એકમોના પુનઃવસન અને સંભવિત માંદા એકમો બાબતે તાલીમી કાર્યક્રમનું ઉદ્‌ઘાટન જીઆઈડીસી એસો. ના પ્રમુખ શ્રી મનોજ શૈલેત દ્વારા કરવામાં આવેલ જેમાં ઉપપ્રમુખ શ્રી યોગીનભાઈ અમીન, સીઈડી ના વિભાગીય અધિકારી શ્રી વગેરે ઉપસ્થિત રહેલ.

## રાજકોટ રીજીયન :

- રાજકોટ ખાતે રાજકોટ પ્લાસ્ટીક એસોસિએશન તેમજ સીઈડીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ એસજીપી કાર્યક્રમમાં પ્લાસ્ટીક એસોસિએશનના પ્રમુખશ્રી એ ઉદ્યોગકારોને આ કાર્યક્રમની ઉપયોગીતા તથા મહત્વ વિશે સંબોધન આપ્યું હતું.
- રાજકોટ ખાતે સીઈડી તેમજ આગાખાન સોશિયલ વેલ્ફર બોર્ડના સંયુક્ત ઉપક્રમે ઈડીપી મોડયુલ-૨ ના ઉદ્‌ઘાટન પ્રસંગે સિધ્ધી તેમજ તાલીમાર્થીના મહત્વ વિશે સંબોધન તથા જાણકારી આપેલ.
- ઉના ખાતે મહિલા ઈડીપી મોડયુલ-૨ ના તાલીમી કાર્યક્રમાં બહેનોને તાલીમનું મહત્વ અને સંબોધન સંસ્થાના ડે. પ્રોજેક્ટ લીડર શ્રી જાનીએ કરેલ.
- જામનગર ખાતે એસજીપી પ્રોગ્રામમાં ઉદ્યોગકાર મિત્રોને માર્કેટ સ્ટેટેજી પર માર્ગદર્શન નિષ્ણાંત શ્રી કેયુરભાઈ બુચે આપી પ્રોત્સાહિત કરેલ.

## ભાવનગર રીજીયન :

- ભાવનગર કેન્દ્રના ઈડીપી જનરલ (મો-૧) તાલીમી કાર્યક્રમનો પ્રમાણપત્ર વિતરણ સમારંભ ૪, માર્ચ-૦૮ ના રોજ યોજવામાં આવેલ. તાલીમ પુર્ણ કરનાર ૩૨ તાલીમાર્થીઓને સંસ્થાના સફળ ઉદ્યોગ સાહસિક અને અગ્રગણ્ય ઉદ્યોગપતિ શ્રી જયેશભાઈ ધોળકીયા, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર શ્રી એમ. એમ. પંડયાના વરદ્ હસ્તે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવેલ. આ પ્રસંગે સંસ્થાના માનવંતા ફેકલ્ટી મેમ્બર્સ સર્વ શ્રી ડૉ. અજયભાઈ ભટ્ટ, શ્રી રાજુભાઈ અંટારીયા, તથા શ્રી આશુતોષભાઈ પંડયા પણ ખાસ ઉપસ્થિત રહેલ. આ પ્રસંગે તાલીમાર્થીઓએ તેમના પ્રતિભાવોમાં સી.ઈ.ડી. સંસ્થા દ્વારા આપવામાં આવતી તાલીમની ગુણવત્તાને બિરદાવી ભવિષ્યની કારકિર્દી ઘડવામાં આ તાલીમ ખુબજ ઉપયોગી હોવાનું મંતવ્ય વ્યક્ત કરેલ.
- સંસ્થાના ભાવનગર વિભાગની વર્ષ-૨૦૦૭-૦૮ ની કામગીરીનો અહેવાલ 'સુયોગ' બુક સ્વરૂપે તૈયાર કરવામાં આવેલ જેનું વિમોચન તા. ૨૯ માર્ચ-૦૮ ના રોજ રાજયના માન. ઉદ્યોગ મંત્રી શ્રી સૌરભભાઈ પટેલના વરદ હસ્તે બોટાદ ખાતે કરવામાં આવેલ. આ પ્રસંગે માન. મંત્રીશ્રી એ જણાવેલ કે સ્વરોજગારીને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે તે પૈકી ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાન દ્વારા આ માટે સુંદર કામગીરી થઈ રહી છે તેનો આનંદ માન. મંત્રીશ્રીએ વ્યક્ત કરી અભિનંદન આપેલ. પ્રારંભમાં વિભાગીય અધિકારી શ્રી દિલીપભાઈ વડોદરીયાએ સ્વાગત પ્રવચન કરતાં 'સુયોગ' બુકની રૂપરેખા આપેલ. આ પ્રસંગે બોટાદ કોટન મર્ચન્ટ એન્ડ જીનીંગ-પ્રેસીંગ એસોસિએશનના પ્રમુખ શ્રી ગટોરભાઈ પટેલ અને તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી માધવજીભાઈ ભુંગાણી તથા વિશાળ સંખ્યામાં ઉદ્યોગ સાહસિકો ઉપસ્થિત રહેલ.

## સુરત રીજીયન :

- **ભીલાડ :** ભીલાડ કેન્દ્ર ખાતે આદિવાસી મોડ.-૨ પ્રકારનો કાર્યક્રમ તા. ૬-૯-૦૭ થી ૩-૧૦-૦૭ દરમ્યાન ચલાવવામાં આવેલ. આ કાર્યક્રમના ઉદ્‌ઘાટન તા. ૬-૯-૦૭ના રોજ વિભાગીય અધિકારી રી શૈલેષભાઈ વસાવડા અને ડે. પ્રોજેક્ટ લીડરશ્રી દિપકભાઈ લગધીરની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં કુલ ૩૫ તાલીમાર્થીઓએ ભાગ લીધેલ. કાર્યક્રમ દરમ્યાન બેંકેબલ તેમજ પીઓમઆરવાય લોન અરજી તૈયાર કરવામાં આવેલ. બેંક અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના સહયોગમાં કેન્દ્ર ખાતે ટીએફસી મીટીંગ રાખેલ એકંદરે સફળ રહેલ. કાર્યક્રમની પૂર્ણાહૂતિ વિભાગીય અધિકારી શ્રી શૈલેષભાઈ વસાવડાની ઉપસ્થિતિમાં રાખવામાં આવેલ.
- **નિઝર :** સુરત જિલ્લાના નિઝર કેન્દ્ર ખાતે મો.-૨ આદિવાસી ઈડીપી કાર્યક્રમ તા. ૧૮-૯-૦૭ થી ૧૬-૧૦-૦૭ ચલાવવામાં આવેલ. જેમાં ૪૬ તાલીમાર્થીઓ જોડાયેલ. આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન તા. ૧૮-૯-૦૯ ના રોજ કરવામાં આવેલ. આ પ્રસંગે ચીફ પ્રોજેક્ટ લીડરશ્રી (તાલીમ) પ્રિયકાન્તભાઈ મહેતા તેમજ વિભાગીય અધિકારી શ્રી શૈલેષભાઈ વસાવડા અને પ્રા. કો-ઓર્ડીનેટર શ્રી મનહરભાઈ પટેલ ઉપસ્થિત રહેલ. કાર્યક્રમને ઘણો સારો પ્રતિભાવ મળેલ છે.

- **ઓલપાડ :** ઓલપાડ ખાતે જનરલ મોડ-૨ પ્રકારનો કાર્યક્રમ તા. ૧૭-૧૦-૦૭ થી ૧૧-૮-૦૭ દરમયાન ચલાવવામાં આવેલ. આ કાર્યક્રમમાં કુલ ૪૧ તાલીમાર્થીઓ પસંદ કરવામાં આવેલ. આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન વિભાગીય અધિકારી શ્રી શૈલેષભાઈ વસાવડાના હસ્તે કરવામાં આવેલ. આ પ્રસંગે ડે. પ્રો. લીડર શ્રી દિપકભાઈ લગધીર ઉપસ્થિત રહેલ. કાર્યક્રમ દરમ્યાન ચીફ પ્રોજેક્ટ લીડરશ્રી (ટી) એ કેન્દ્રની મુલાકાત લીધેલ.
- **હજીરા :** સુરત જિલ્લા હજીરા કેન્દ્ર ખાતે આદિવાસી મોડ.-૨ પ્રકારનો કાર્યક્રમ તા. ૮-૨-૦૮ થી ૭-૩-૦૮ દરમ્યાન ચલાવવામાં આવેલ. આ કાર્યક્રમના ઉદ્‌ઘાટન તા. ૨-૮-૦૮ના રોજ કરવામાં આવેલ. આ પ્રસંગે લોક વિકાસ સંસ્થાના ડાયરેક્ટર શ્રીમતી સોનલબેન શ્રોફ તેમજ વિભાગીય અધિકારી શ્રી શૈલેષભાઈ વસાવડા અને ડે. પ્રોજેક્ટ લીડરશ્રી દિપકભાઈ લગધીરની ઉપસ્થિતિ રહેલ. આ કાર્યક્રમમાં કુલ ૩૧ મહિલા તાલીમાર્થીઓએ ભાગ લીધેલ. કાર્યક્રમને ઘણો સારો પ્રતિભાવ મળેલ છે.
- **વલસાડ :** વલસાડ કેન્દ્ર ખાતે આદિવાસી મોડ.-૨ જનરલ ઈડીપી કાર્યક્રમ તા. ૧૯-૨-૦૮ થી ૧૪-૩-૦૮ દરમ્યાન ચલાવવામાં આવેલ. આ કાર્યક્રમના ઉદ્‌ઘાટન તા. ૧૯-૨-૦૮ ના રોજ કરવામાં આવેલ. આ પ્રસંગે એસ.એસ.આઈ. એસોસીએશન ઓફ વલસાડ ડીસ્ટ્રીકટ ના પ્રમુખ શ્રી ચેતનભાઈ ચાંપાનેરી તથા એસ.એસ.આઈ. એસોસીએશન ઓફ વલસાડ ડીસ્ટ્રીકટના માજી પ્રમુખ શ્રી મહેશભાઈ શાહ તેમજ વિભાગીય અધિકારી શ્રી શૈલેષભાઈ વસાવડા ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમમાં કુલ ૪૦ તાલીમાર્થીઓએ ભાગ લીધેલ. કાર્યક્રમને ઘણો સારો પ્રતિભાવ મળેલ છે.

•

# નિષ્ફળ જવું એટલે નિષ્ફળતા નહીં

**(રાજુ અંધારીયા લીખીત "સાત સોપાન સુખ અને સફળતાના" માંથી સાભાર.)**

- 'નહિં' (No) અને 'કદી નહીં' (Never) વચ્ચે શું તફાવત છે ?

- 'નિષ્ફળ જવું' (Fail) અને 'નિષ્ફળતા' (Failure) વચ્ચે શું ફરક છે ?

આ સવાલોનો જવાબ એ છે કે એકવાર કશું થાય નહીં તેનો અર્થ એવો નથી કે તે ક્યારેક નહીં જ થાય. એક વખત નિષ્ફળ જવું એટલે જિંદગીભરની નિષ્ફળતા જ એવું નથી. પેલા હાથીના દ્રષ્ટાંતમાં એક વાર એ હાથી છટકામાંથી મુક્ત થઈ શકયો નહીં તેથી એ હવે પણ તેમાંથી મુક્ત ન થઈ શકે તેવું થોડું છે ? એક સમયે તેને બંધાયેલી સાંકળને તોડવામાં એ નિષ્ફળ ગયો એટલે હવે એ કદી સાંકળ તોડી જ શકે નહીં એમ કેમ મનાય ? કોઈ વિદ્યાર્થી એકાદ પરીક્ષામાં નાપાસ થાય એટલે કાયમ નાપાસ જ થાય એમ કેમ મનાય ? કોઈ વિદ્યાર્થી એકાદ પરીક્ષામાં નાપાસ થાય એટલે કાયમ નાપાસ જ થાય એમ થોડું બને ? ધંધામાં એક વખત નિષ્ફળ જવાથી પછી હંમેશા ગમે તે ધંધામાં ફાવે નહીં એવું તો થાય જ નહીં ને ?

'આમ થઈ શકશે નહીં' અને 'તેમ થાય નહીં' તેવી ખોટી માન્યતાઓમાંથી મુક્ત થવું અને આપણી ખરી ઓળખ મેળવવી એટલે આપણા દરજ્જા મુજબ હોવી જોઈએ એ ખાસ લાક્ષણિકતા-આત્મ સરાહના.

આત્મ-સરાહના કહેતાં Self-Appreciation એટલે શું ?

- પોતાને જાત પ્રત્યે આદર હોવો, સન્માન હોવું અને સાથે એ વાતની પ્રતીતી હોવી કે દરેકદરેક વ્યક્તિ પાસે કશુંક ખાસ, Something કહેતાં ખાસીયત કે લાક્ષણિકતા હોય છે.

Even Eagles Need a Pusk નામના પુસ્તકમાં ડેવિડ મેકનેલી આત્મ-સરાહના વિશે તે કહે છે :

સેલ્ફ એપ્રિશિયેશનનો અર્થ થાય છે તમારા ખુદનું ઉંચું મૂલ્ય આંકવું, તમારા પોતાના માટે સંપૂર્ણ અને પર્યાપ્ત સન્માન હોવું, પોતાના માટે ગૌરવ હોવું. જો કે એના માટે હકીકત એ છે કે આપણને ઉણા બનાવી મૂકતા અવરોધોને દૂર કરવા. એમાંય ખાસ કરીને આ અવરોધો આપણી વ્યક્તિગત નિષ્ફળતાઓને કારણે પરિણમ્યા હોય તેને દૂર કરવા એટલા સહેલા નથી. હું તમને મારા અંગત અનુભવના આધારે આ કહું છું. થોડા વર્ષો પહેલા મે ઓસ્ટ્રેલિયામાં ખુબ જ સારો બિઝનેસ જમાવ્યો હતો. એનાથી મારા પરિવારના લોકો અને મારા મિત્રો ખુશ હતા. પરંતુ પછી બધું જ પડી ભાંગ્યું. બિઝનેસ નિષ્ફળ ગયો, જેમ મારો બિઝનેસ ધરાશયી થઈ ગયો એમ હું પણ પડી ભાંગ્યો. બે વર્ષ સુધી દુઃખના દરિયામાં ડૂબેલો રહેયો અને મારી પોતાની જાતે ઉભી કરેલી દુઃખિયારી સ્થિતિનો ભોગ બની ગયો.



મારી નકારાત્મક માનસિક હાલતથી મારી પત્ની પણ પરેશાન હતી.

એ સમયે ભલે મે મારી જાતમાંથી શ્રદ્ધા ગુમાવી લીધી હતી, પરંતુ મારી પત્નીના શબ્દો મૂળભૂત માન્યતાના ઉંડાણને સ્પર્શી ગયા. કોઈ સાધારણ એવા માનવનું અસ્તિત્વ નથી. જ્યારે કોઈ વ્યક્તિ આંતરિક દ્રષ્ટિ કહેતાં insignt ને સ્વીકારવા તૈયાર થાય છે, ફક્ત ત્યારેને ત્યારે એ આંતરદ્રષ્ટિ પ્રાપ્ત થાય છે એમ હું માનું છું. બીજા ઘણા લોકોની જેમ મારી બદનસીબી જાણે કે બદનસીબી જ રહેવાની હોય એમ મેં એના પ્રત્યે પ્રતિક્રિયા આપી હતી. હું કમનસીબીનો, મારા નિયંત્રણ બહારના સંજોગોનો ભોગ બન્યો હતો. પરંતુ હવે મેં વધુ મજબૂત સત્યની ભવ્યતાનો અનુભવ કર્યો છે. કદાચ જિંદગી મારાથી રૂઠી હતી તો શું થઈ ગયું. શું બીજા હજારો-લાખો પ્રત્યે પણ એ રૂઠી નહોતી ? એમાંના ઘણાંએ તો સાવ વિપરીતમાં



green-black 5

વિપરીત સંજોગોનો સામનો કર્યો હતો. તેમ છતાં હારવાનો તેઓએ સંપૂર્ણપણે ઈન્કાર કર્યો હતો. હકીકતમાં તો જિંદગી મારાથી રૂઠી હોય કે ન રૂઠી હોય તેનો કોઈ સબંધ ન હોતો. જે મહત્વનું હતું તે એ હતું કે મારી પાસે વધુ એક વખત સાહસ કરવાની હિંમત છે અને મારા જીવન માટે શું શકય હતું એ શોધી કાઢવાની હામ છે.

આત્મ-સરાહના કહેતાં સેલ્ફ-એપ્રિસિયેશનને ટૂંકમાં આ મુજબ સમજી શકાય.

નૌકાના વિવિધ ભાગો હોય છે, એ દરેક ભાગને અલગથી સમુદ્રમાં લઈ જવામાં આવે તો ડૂબી જાય. એન્જીન ડૂબી જશે, તો પંખો-પ્રોપેલર ડૂબી જશે. જ્યારે નૌકાના આ દરેક ભાગો સાથે હોય છે અને એમ જેમ નૌકા તરે છે એવું જિંદગીની ઘટનાઓનું છે. કેટલીક ઘટનાઓ દુઃખદ હોય છે તો કેટલીક સુખદ, પરંતુ એ બધી ઘટનાઓનું એકસાથે ઘડતર થાય છે તે એક એવા જહાજનું સ્વરૂપ ધારણ કરે છે જે તરે છે અને કોઈ જગ્યાએ પ્રસ્થાન કરે છે.

આપણે એવી સભ્યતા-કલ્ચરમાં રહીએ છીએ જ્યાં વિજેતા નીવડવું એ અગત્યનું છે. આવી વિજયગાથા વર્ણવતાં અખબારોનાં પાનાં ને પાનાં ઉભરાય છે.

આપણે જીતની ઉજવણી કરીએ છીએ અને હારનો માતમ મનાવીએ છીએ. દરેક વ્યક્તિ વિજેતાએ ચાહવા ટેવાયેલી હોય છે, પરંતુ ખેલજગતનાં પાનાંઓ પર જોવા મળી શકે તેના કરતાં ઘણા વધારે અગત્યના ઈવેન્ટમાં હું અને તમે સહભાગી થઈએ છીએ. તેને જીવનની રમત-game of life કહેવાય છે. તેમાં ઘણીવાર સ્કોર કેવી રીતે નિશ્ચિત કરવું એનાથી બેખબર હોઈએ છીએ.

વિખ્યાત લેખક અને નિબંધકાર ક્રિસ્ટોફર મોરલી કહે છે,

''તમારી જિંદગી તમારી ખુદની રીતે વિતાવવા સક્ષમ હોવું એ જ માત્ર સફળતા છે.''

ક્રિસ્ટોફરની અપેક્ષા શું વાસ્તવવાદી છે ? અને જો વાસ્તવવાદી હોય તો તેને આપણે કેવી રીતે આચરણમાં લાવીએ ? આવા સવાલો થવા સ્વાભાવિક છે. દરિમાયનમાં અહીં ડેવીક મેકનેલીએ આત્મ-સરાહના એટલે કે સેલ્ફઅએપ્રિસિયેશનની જે વાત કરી છે તેમાંથી બહાર નીકળતા ખાસ મુદ્દાઓની ઝલક જોઈ લઈએ :

- જ્યારે વ્યક્તિગત નિષ્ફળતાને કારણે જે અવરોધો ઉભા થાય છે ત્યારે તેને હટાવવાનું સરળ હોતું નથી. ડેવિડ મેકનેલી પોતાના બિઝનેસમાં નિષ્ફળ જાય છે તે પછી સતત બે વર્ષ સુધી ગમમાં ડૂબેલો રહે છે તેને પોતાની અંદર રહેલી અસીમ તાકાતનો અનુભવ પણ થતો નથી. જિંદગીથી જાણે તેણે હાથ ધોઈ નાખ્યા એવું એનું વર્તન હતું. સાહસિકતા, દ્રઢતા જેવા વગેરે ગુણો દબાઈ જાય છે અને પાછા પાડતાં પરિબળોમાંથી બહાર આવવું મુશ્કેલ હોય છે.
- જિંદગીનો ખેલ હારવા કે જીતવામાં નથી, પરંતુ વધુ એક વખત સાહસ કરવાની અને જીવન માટે શું શક્ય છે એ શોધી કાઢવાની હિંમતમાં છે.

અહીં સુધીની ચર્ચાને અંતે જરૂર આપણને સારાપણાની, બલકે વધુ સારાપણાની ભાવના જાગૃત થઈ છે. તો આ તબક્કે નીચે દર્શાવેલાં વિધાનો વિશે તમે એક નોંધ તૈયાર કરો.

(૧) તમારામાં એવી કોઈક બાબત છે જે તમે આખા જગતમાં બીજા કોઈ કરતાં વધુ સારી રીતે કરી શકો છો, કારણ કે તમારામાં ખાસ કાંઈક-something છે, તમે અજોડ છો, અદ્વિતીય છો, તમારી પાસે એવી કોઈ અનોખી કળા, શક્તિ કે સૂઝ છે જે બીજાઓ કરતાં વિશેષ છે. તમારી એવી પ્રતિભા અને ક્ષમતાની યાદી બનાવો.

(૨) તમે છેલ્લે કયારે તમારી જાતનાં વખાણ કે પ્રશંસા કર્યા હતાં ?

(૩) જ્યારે લોકો તમારા વિશે વિચારે ત્યારે તેઓ તમારી સૌથી ઉત્તમ લાક્ષણિકતાઓ વિશે શું કહી શકે ? એવી કઈ બાબતો છે જેના માટે લોકો તમારી પ્રશંસા કરે છે ?

ઉપરનાં વિધાનોના પ્રતિસાદમાં કદાચ તમારી એક સારા કલાકાર તરીકેની, સારા ક્રિકેટર તરીકેની, રસોઈમાં નિષ્ણાંત હોવા વિશેની એમ અનેક પ્રકારની પ્રતિભાની યાદી બની હશે, ખરું ને ?

તમે તમારી પ્રતિભા અને આવડત સાથે એક સફળ બનવાની પાત્રતા ધરાવતા વ્યક્તિ છો. તમે તમારી રીતે ઉત્તમ છો જ, કારણ કે તમારામાં એ અસીમ શક્તિ છે જ. આ એ અસીમ શક્તિ છે જેના વિશે આપણે શરૂઆતનાં પ્રકરણોમાં જોઈ ગયા છીએ.

જેમ તમારામાં આ પ્રતિભા અને શક્તિ છે એનાથી તમે ખુશ છો તો પછી બીજાઓ પણ પોતાના વિશે ખુશી અનુભવે એવા પ્રયત્ન કરો. બીજાઓને તેમના પોઝિટીવ પોઈન્ટસથી નવાજો. ગાંધીજીનો એક ગુણ એવો હતો કે સામેની વ્યક્તિમાં ભલે અનેક દુર્ગુણો ભરેલા હોય, એ દુર્ગુણોની વચ્ચે છુપાયેલા હકારાત્મક ગુણો અથવા સદગુણોને કોઈ પણ રીતે તે શોધી કાઢતા અને એ સદગુણોને સપાટી પર લાવતા ત્યાર પછી તે એ વ્યક્તિના સદગુણો પર ભાર મુકતા. પરિણામ એ આવતું કે પેલી વ્યક્તિએ ગમે તેમ કરીને પણ સદગુણી બનવાનો પ્રયાસ કરવો જ પડતો.

આ એક હકીકત છે જ્યારે કોઈ વ્યક્તિને તેના સારા ગુણોથી નવાજો છો તો તેને જરૂરથી ખુશી ઉત્પન્ન થાય છે. હા, એટલું ખરું કે અહીં તમે એના વિશે જે કાંઈ કહો એ દિલથી કહો, જેન્યુઈનલી કહો, કહેવા ખાતર નહીં કહો, ઉપરછલ્લી રીતે નહીં કહો.

જ્યારે આપણા સદગુણો કે પોઝિટિવ પોઈન્ટસ સપાટી પર આવે છે ત્યારે ન માત્ર આપણને ખુશી થાય છે પરંતુ એક ક્ષમતાનો પ્રભાવ પણ ઉત્પન્ન થાય છે. તમારી આ ખરી ક્ષમતા જ તમને સફળતાને પંથે દોરી જવાની છે.

યાદ રાખો કે આપણે સૌ પોતપોતાની રીતે અદ્વિતીય-અનોખી વ્યક્તિઓ છીએ. આપણામાં ક્ષમતા છે, તો બીજી બાજુ આપણી જવાબદારી પણ છે. આપણને જ્ઞાનની નવાજેશ થઈ છે તો સાથે સમજ દાખવવાની વિવેકબુદ્ધિ પણ વાપરવાની છે. આપણો દરજ્જો ઘણો ઉંચો છે, એટલે કશુંક કરીએ છીએ કે નથી કરતાં તેનોપ્રભાવ જગત પર પડે છે. આપણે જવાબદાર છીએ જ, આપણું ઉત્તરદાયિત્વ તો છે જ. સવાલ એ રહે છે કે શું આપણે આપણા દરજ્જા મુજબ વર્તીએ છીએ ?

કોઈ મુખ્ય મંત્રી હોય કે માતા હોય, તે એની જગ્યાએ મુખ્યમંત્રી જ કહેવાય છે, સ્ત્રી એની જગ્યાએ માતા જ કહેવાય છે. તેઓ પાસે પસંદગી કરવાની સત્તા છે, જવાબદારી છે, પછી એ તેનો ઉપયોગ કરે કે ન કરે, પણ એનો દરજ્જો તો એ જ રહે છે. એ દરજ્જાની રૂએ અમુક તેઓની જવાબદારી થાય છે, એ જ રીતે આપણા ઉચ્ચ દરજ્જાની રૂએ પણ જીવનનાં વિવિધ પાસાઓ પ્રતયે જવાબદારી થાય છે.

ડિઝર્ટ

*થઈ જશે માર્ગ ખુલ્લો જરૂર આપણો,*
*થોડું બીજાને માટે ખસી જઈએ.*

**- રાહી ઓધારીયા**



green-black 6




તા. ૩-૧૦-૨૦૦૭ ના રોજ ડેડીયાસણ (SGP) તાલીમ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરતા શ્રી અજય દિક્ષીત, શ્રી પરેશ પંડયા, શ્રી જી. કે. પટેલ-પ્રમુખ જીઆઈડીસી, વિભાગીય અધિકારી શ્રી એચ. એ. વ્યાસ તથા શ્રી એસ. પી. રાવલ દ્રષ્ટિમાન થાય છે.




સંસ્થા તથા અમદાવાદ ટેક્ષટાઈલ્સ ઈન્ડસ્ટ્રીઝ રીસર્ચ એસોસીએશન અમદાવાદ દ્વારા આયોજીત જીનીંગ ઉદ્યોગ માટે ઉર્જા બચત જાગૃતિ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરતા શ્રી પી. એસ. શાહ, અટીરા, તાલીમાર્થીઓને સંબોધી રહ્યા છે.




જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર-વડોદરા, વાઘોડીયા ઈન્ડસ્ટ્રીઝ એસો.ના સંયુક્ત ઉપક્રમે માદા એકમોના પુનઃવસન/ સંભવિત માંદા એકમો બાબતે તાલીમ સેમિનાર તથા પ્રવર્તમાન ઉદ્યોગ સાહસિકો માટે સેકન્ડ જનરેશન તાલીમી કાર્યક્રમ (SGP) નું ઉદ્‌ઘાટન શ્રી મદનભાઈ, સેક્રેટરી એસો., ઉપપ્રમુખ શ્રી યોગીનભાઈ અમીન, શ્રી એમ. એન. શાહ-પ્રોજેક્ટ મેનેજર-DIC, તથા વિભાગના તત્કાલીન વિભાગીય અધિકારી શ્રી સી. બી. દોશી દ્રષ્ટિમાન થા



શહેરા ખાતે આયોજીત ઈડીપી તાલીમી કાર્યક્રમમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજરશ્રી ઝીઝુવાડીયા, સંસ્થાના તત્કાલીન વિભાગીય અધિકારી સી. બી. દોશી તથા મહાનુભાવો દ્રષ્ટિમાન થાય છે.




ભાવનગર ખાતે જનરલ મોડયુલ-૧ ઈડીપી તાલીમી કાર્યક્રમનું પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ કરતા અગ્રગણ્ય ઉદ્યોગપતિ શ્રી જયેશ ધોળકીયા, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર શ્રી એમ. એમ. પંડયા વગેરે મહાનુભાવો દ્રષ્ટિમાન થાય છે.



સંસ્થા તથા ગુર્જર સુથાર જ્ઞાતિ-જામનગર આયોજીત જામનગર ખાતે SGP પ્રોગ્રામનું ઉદ્‌ઘાટન કરતા શ્રી ચન્દ્રકાન્તભાઈ વડગામા તથા વિભાગીય અધિકારી શ્રી એમ. ડી. ભરવાડા તેમજ અન્ય મહાનુભાવો દ્રષ્ટિગોચર થાય છે.



નાના-મોટાં પાપ ભેગા કરવાથી પાપનો ઘડો બને છે.

એન્ટરપ્રિનીયોરશીપ ડેવલોપમેન્ટ ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડીયા (ઈ.ડી.આઈ.આઈ.) દ્વારા ભારતી એન્ટરપીનીયોર ઓફ ધ યર ૨૦૦૭- સ્પેશયલ એવોર્ડ, જામનગરની અગ્રગણ્ય મશીન ટુલ્સ કંપની ગીતા મશીન ટુલ્સ પ્રા. લી. ના ચેરમેન અને મેનેજીંગ ડીરેકટર શ્રી સરદારસિંહજી જાડેજાને રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના ડેપ્યુટી ગવર્નર ડૉ. રાકેશ મોહનના હસ્તે તા. ૨૮-૩-૦૮ નાં અમદાવાદ ખાતે એનાયત થયેલ છે. આ સ્પેશ્યલ એવોર્ડની ટ્રોફી તથા રૂ. ૫૦,૦૦૦/- કેશ પ્રાઈઝ પણ આપવામાં આવેલ છે.



ગીતા મશીન ટુલ્સ પ્રા. લી. ના ચેરમેન અને મેનેજીંગ ડીરેકટર શ્રી સરદારસિંહજી જાડેજા તેમજ શ્રી જયંતભાઈ ઠાકર પ્રોજેકટ લીડર સી.ઈ.ડી., એમ.ડી. ભરવાડા વિભાગીય અધિકારી,-રાજકોટ, તથા જામનગરના આસી. પ્રોજેકટ લીડર શ્રી હસમુખ પાઠક

શ્રી સરદારસિંહજી જાડેજાએ સી.ઈ.ડી. ની ટ્રેનીંગ મેળવેલ છે. સખત પરિશ્રમ, ઈનોવેટીવ આઈડીયા અને ઉદ્યોગ સાહસિકતાના પ્રતિભાશાળી ગુણોની સરકાર દ્વારા નોંધ લઈ ઉપરોક્ત એવોર્ડ આપવામાં આવેલ છે.

શ્રી સરદારસિંહજીને એવોર્ડની સાથે મળેલ રૂ. ૫૦,૦૦૦/- કેસ પ્રાઈઝ ઉપરાંત બીજા રૂ. ૫૦,૦૦૦/- કંપની વતી ઉમેરી કુલ રૂ. ૧,૦૦,૦૦૦/- ગીતા ગ્રુપના કર્મચારી વેલફેર ફંડમાં આપેલ છે.

શ્રી સરદારસિંહજીનું આ બહુમાન જામનગર જિલ્લાને ગૌરવ અપાવનારૂ છે, અને નવા ઉદ્યોગ સાહસિકો માટે પ્રેરણારૂપ છે.


**મુખ્ય કચેરી :** "ઉદ્યોગ ભવન", બ્લોક નં. ૧, ૯મો માળ, સેકટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૭. ફોન : ૨૩૨૫૬૬૭૧, ૨૩૨૪૩૮૪૭ ફેકસ : ૨૩૨૫૬૬૭૯

**www.ced-gujarat.org E-mail : cor-ced@gujarat.gov.in**

**વિભાગીય કચેરીઓ :**

અમદાવાદ : C/o. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, બચત ભવન, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન : ૨૫૫૦૬૮૪૩

વડોદરા : સી-૩૦૭, મનુભાઈ ટાવર, સયાજીગંજ, વડોદરા-૩૯૦૦૦૫. ફોન : ૨૩૬૩૧૯૨, ૨૩૬૩૧૨૨

સુરત : તુલસી ભવન, ૨જો માળ, ટીંબલીયાવાડ, નાનપુરા, સુરત. ફોન : ૨૪૭૦૫૨૬, ફેકસ : ૨૪૬૦૪૩૨

રાજકોટ : પરેજીયા ચેમ્બર્સ, ઢેબર રોડ, અલ્ફેડ હાઈસ્કૂલ પાછળ, રાજકોટ. ફોન-ફેકસ : ૨૨૩૧૯૨

ભાવનગર : C/o. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સર ભાવસિંહજી પોલીટેકનિક સામે, વિદ્યાનગર, ભાવનગર. ફોન : ૨૫૧૬૦૬૬ ફેકસ: ૨૪૩૪૦૬૬



"ઉદ્યોગ પ્રેરણા-સીઈડી સમાચાર" માં પ્રગટ થતાં લેખોમાંના લેખકના પોતાના છે, તેની સાથે તંત્રી કે સીઈડી સંમત છે એમ માની લેવું નહીં.



સંપાદક, પ્રકાશ અને મુદ્રક : ડૉ. સી. ચેટર્જી, નિયામક, સેન્ટર ફોર આંત્રપ્રિનિયોરશીપ ડેવલપમેન્ટ

પ્રકાશક સ્થળ : સેન્ટર ફોર આંત્રપ્રિનિયોરશીપ ડેવલપમેન્ટ, ઉદ્યોગ ભવન, બ્લોક નં.-૧, ૯મો માળ, સેકટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૭. ફોન : ૨૩૨૫૬૬૭૧, ૨૩૨૪૩૮૪૭, ફેકસ : ૨૩૨૫૬૬૭૯

મુદ્રણ સ્થળ : કેપિટલ ઑફસેટ, ૮૦૧/૧, જીઆઈડીસી, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૨૩૨૧૧૪૫૬


પ્રિન્ટેડ સાહિત્ય આર.એન.આઈ. નં. બુક-પોસ્ટ

પ્રતિ,

______________________

______________________

______________________

______________________

રવાના :

**સેન્ટર ફોર આંત્રપ્રિનિયોરશીપ ડેવલપમેન્ટ,**

"ઉદ્યોગ ભવન", બ્લોક નં. ૧, ૯મો માળ,

સેકટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૭.



નિત્ય કર્મ પર ધ્યાન આપવાથી મનુષ્યમાં વ્યવહારિક સમજ આપે છે.